<u>સને ૨૦૨૫-૨૬</u>
<u>જનરલ/આ.વિ.પે.યો.</u>

સને ૨૦૨૫-૨૬ના વર્ષ માટે કમિટેડ મહેકમ હેઠળની હંગામી જગાઓને ચાલુ રાખવા બાબત. સામાજિક વનીકરણ યોજના(૯૬-૨૪૦૬) અને પ્રભાગીય કચેરીઓ(૨૬-૨૪૦૬).

## ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

**ઠરાવ ક્રમાંક: FED/WRT/e-file/6/2022/1731/M**

સચિવાલય, ગાંધીનગર.

**<u>વંચાણે લીધા :-</u>**

(૧) વન અને પર્યાવરણ વિભાગનો તા.૨૯/૦૯/૧૯૮૯ નો ઠરાવ ક્રમાંક:સીએફપી/૧૯૮૯/૨૪૮૧/વ.૨.
(૨) વન અને પર્યાવરણ વિભાગનો તા.૨૨/૦૮/૨૦૨૪નો સમાન ક્રમાંકનો ઠરાવ.
(૩) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણનો તા.૨૪/૦૩/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: સાવયો/ટે.૧૩/અ/૨૪૯૦/૨૦૨૪-૨૫.

## <u>ઠરાવ</u>

વન અને પર્યાવરણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧)માં દર્શાવેલ ઠરાવથી સામાજિક વનીકરણ યોજના માટે કમિટેડ મહેકમ મંજૂર કરવામાં આવેલ છે. જેને ચાલુ રાખવા માટે વખતોવખત દર વર્ષે હુકમો કરવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમ (૨) ના ઠરાવથી કુલ ૯૫ જગ્યાઓને ત.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. હવે આ જગ્યાઓને તા.૦૧/૦૩/૨૦૨૫થી તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવા માટે અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણની ઉપર વંચાણે લીધેલ ક્રમ (૩) સામેના પત્રથી મળેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પ્રસ્તુત બાબતમાં વિચારણાના અંતે, સામાજિક વનીકરણ યોજનાના કમિટેડ મહેકમની કુલ ૯૫ જગ્યાઓ પૈકી નીચેના કોષ્ટકની કોલમ નં-૮ માં દર્શાવ્યા મુજબ કુલ ૮૫ જગાઓને તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની, આથી મંજૂરી આપવામાં આવે છે. વધુમાં, સામાન્ય વહીવટ વિભાગની સ્થાયી સૂચના મુજબ વર્ગ-૪ સંવર્ગની ભરતી બંધ કરવામાં આવેલ હોઈ; નીચેના કોષ્ટકની કોલમ નં-૭ માં દર્શાવેલ ટાઈપીસ્ટની ૦૭ જગાઓ, ડ્રાઈવર:ટ્રક/ટ્રેક્ટરની ૦૨ જગાઓ તથા વોચમેનની ૦૧ જગાઓ મળી કુલ ૧૦ જગ્યાઓને, આથી રદ કરવામાં આવે છે.

૩. જગ્યાઓની વિગતો દર્શાવતું કોષ્ટક નીચે મુજબ છે:

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **સંવર્ગ** | **કુલ જગ્યા** | **ખાલી જગ્યાની સંખ્યા** | **ભરાયેલ જગ્યા** | **અબેયન્સમાં મુકવાની જગ્યા** | **રદ કરવાની જગ્યા** | **કુલ ચાલુ રાખવાની જગ્યા** |
| ૧ | કારકુન | ૮૦ | ૦૨ | ૭૮ | ૦૦ | ૦૦ | ૮૦ |
| ૨ | સ્ટેનોગ્રેડ–૨ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૨ |
| ૩ | ટાઈપીસ્ટ | ૦૭ | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૭ | ૦૦ |
| ૪ | મેસેન્જર/પટાવાળા | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૫ | વોચમેન | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૬ | ડ્રાઈવર : ટ્રક/ટ્રેક્ટર | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ |
| ૭ | ક્લીનર : ટ્રક/ટ્રેક્ટર | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| | કુલ | ૯૫ | ૧૩ | ૮૨ | ૦૦ | ૧૦ | ૮૫ |

૪. સદર જગ્યાઓને નીચેની શરતોને અધીન ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.
(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ની અંદાજપત્રીય જોગવાઈને અધીન

અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામા આવતી ગ્રાન્ટની મર્યાદામા કરવાનો રહેશે.
(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષને આખરે સરેન્ડર કરવાની રહેશે.
(૬) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો, તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફિક્સ પગારની નીતિ અને નાણાં વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
(૭) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તેની ખાતરી કરી લેવાની જવાબદારી અ.મુ.વ.સં.શ્રીની કચેરીની રહેશે.
(૮) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.
(૯) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2023/0336/Z.1 Dt.26-06-2023ની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
(૧૦) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2022/2282/Z.1 Dt.26-06-2023 ની જોગવાઇ મુજબ ખાતાએ જગ્યાને કાયમી કરવાની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.
(૧૧) રદ થયેલ કે એબેયન્સમાં ગયેલ જગ્યાઓ પર કોઇ કર્મચારી/અધિકારીશ્રીની નિમણૂંક નાણાં વિભાગની પૂર્વ મંજૂરી વગર ન થાય તેની તકેદારી અ.મુ.વ.સં.શ્રીની કચેરીએ રાખવાની રહેશે.
(૧૨) વર્ગ-૪ તથા ડ્રાઇવરની જગ્યાઓ નિવૃતિ/અવસાન કે કોઇપણ કારણોસર ખાલી પડે ત્યારથી જ તે જગ્યા રદ ગણવાની રહેશે. તેમજ જો તે જગ્યા પર આઉટસોર્સથી સેવા લેવાની જરૂરિયાત ઊભી થાય તેવા સંજોગોમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઇઓ મુજબ સેવા લેવાની રહેશે. પરતું, આવી સેવાઓ લેતા પહેલા નાણાં વિભાગની પૂર્વ મંજૂરી આવશ્યક છે.
૫. આ જગ્યા અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને અધીન ઉધારીને સને ૨૦૨૫-૨૬ ના વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

**(અ) બિન આદિવાસી**

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૨૬ |
| સેક્ટર | : | (ગ) આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ |
| મુખ્ય સદર | : | ૨૪૦૬ – વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન |
| પેટા મુખ્ય સદર | : | (૦૧) વન નિર્માણ |
| ગૌણ સદર | : | ૦૦૧ – નિર્દેશ અને વહીવટ |
| પેટા સદર | : | (૦૨) પ્રભાગીય કચેરીઓ |

**(બ) આદિવાસી**

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૯૬ |
| સેક્ટર | : | (ગ) આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ |
| મુખ્ય સદર | : | ૨૪૦૬ – વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન |
| પેટા મુખ્ય સદર | : | (૦૧) વન નિર્માણ |
| ગૌણ સદર | : | ૭૯૬ – આદિવાસી વિસ્તાર પેટા યોજના |
| પેટા સદર | : | (૧૭) એફએસટી-૦૯ ગુજરાત સમૂહ વન નિર્માણ પરિયોજના |

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રીની તા.૧૬/૦૪/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આ હુકમો રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હિમાંશુ ગોહિલ)
ઉપ સચિવ,
વન અને પર્યાવરણ વિભાગ.

પ્રતિ

- અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વનદળના વડા , 'અરણ્ય ભવન', ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (નાણાકીય વ્યવસ્થાપન), 'અરણ્યભવન', ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(સામાજિક વનીકરણ), 'અરણ્ય ભવન', ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુ. રા., અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી(વન), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગની ડ / ડ-૨ / બજેટ શાખા.
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૫.
- સિસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, વિભાગની વેબસાઈટ પર મૂકવા સારુ.

Signature Not Verified

Signed by:Himanshu Gohil
Under Secretary
Date:2025.04.28
17:38:58 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign